# આણંદ કૃષિ યુનિવર્સિટી
## આણંદ – ૩૮૮૧૧૦

જા. નં. આકૃયુ/રજી/પરીક્ષા/પીજી/ ૧૫૨૦-૨૫ /૨૦૨૫ તા.૨૫/૦૪/૨૦૨૫

AEMS સોફ્ટવેરમાં થીસીસ પ્રપોઝલ કરવા બાબત..


## * પરિપત્ર *

આથી અત્રેની યુનિવર્સિટી હસ્તક ચાલતા અનુસ્નાતક કક્ષાની તમામ કોલેજના પ્રિન્સિપાલ અને ડીનશ્રીઓ, પ્રાધ્યાપક અને વડાશ્રીઓ, મેજરગાઈડશ્રીઓ તથા શિક્ષકશ્રીઓને જણાવવાનું કે, જે પ્રાધ્યાપકશ્રીઓ, ગાઈડશ્રીઓના માર્ગદર્શન હેઠળ અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની પ્રીલીમ પ્રપોઝલ તથા પ્રીલીમ રિઝલ્ટ માસ્ટર કક્ષાએ પ્રીન્સિપાલ અને ડીનશ્રી દ્વારા તથા ડોકટરેટ કક્ષાએ ડીન પીજીશ્રી દ્વારા એપ્રુવ્ડ કરી આપવામાં આવેલ હોય તેવા વિદ્યાર્થીઓની થીસીસ પ્રપોઝલ હવેથી ઓનલાઈન સોફ્ટવેર AEMSમાં મેજર ગાઈડશ્રીઓએ કરવાની રહેશે. થીસીસ પ્રપોઝલ  કરવા માટે નીચે મુજબના સ્ટેપ્સ આપવામાં આવેલ છે.


## * થીસીસ પ્રપોઝલ કરવા માટે *

- સૌ-પ્રથમ લોગઇન કરો.

- ડેસબોર્ડ ડીન પીજી પર ક્લીક કરવાથી આપશ્રીના માર્ગદર્શન હેઠળ અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓના નામની સામે પ્રોસેસ બટન પર ક્લીક કરવાથી નીચે મુજબની સ્ક્રીન ઓપન થશે. જે-તે વિદ્યાર્થીના નામ સામે આપેલ પ્રોસેસ બટન પર ક્લીક કરવાથી તે વિદ્યાર્થીનો પ્રોગ્રેસ બતાવતી નીચે મુજબની સ્ક્રીન આવશે જેમાં અનુસ્નાતક કક્ષાએ જરૂરી તમામ જરૂરીયાતો પૂર્ણ કરેલ છે તે સ્ટેપ વાઇઝ બતાવશે જેવી કે કેમ્પસ ફોર્મ, સીનોપ્સીસ વગેરે એપ્રુવ છે કે કેમ? તે વિશે જાણી શકાશે અને જો તે વિદ્યાર્થીઓ થીસીસ પ્રપોઝલ માટેની જરૂરીયાતો પૂર્ણ કરતા હશે તો જ થીસીસ પ્રપોઝલ ની સામે પ્રોસેસ બટન બતાવશે.



• જે વિદ્યાર્થીની થીસીસ પ્રપોઝલ કરવાની છે તે વિદ્યાર્થીની સામે આપેલ પ્રોસેસ બટન પર ક્લીક કરવાથી નીચે મુજબની સ્ક્રીન ઓપન થશે. વધુમાં જણાવવાનું કે, જે વિદ્યાર્થીની પ્રીલીમ પ્રપોઝલ કરવા માટેની જરૂરીયાત (મિનિમમ રિકવાયર્મેન્ટ) પૂર્ણ કરતા હશે તો જ તે વિદ્યાર્થીની થીસીસ પ્રપોઝલ કરી શકાશે.





• વિદ્યાર્થીના નામ સામે આપેલ પ્રોસેસ બટન પર ક્લીક કર્યાબાદ તે વિદ્યાર્થીની થીસીસ પ્રપોઝલ કરવા માટે સૌ-પ્રથમ થીસીસ ટાઇટલ ટાઈપ કરવું **(થીસીસ ટાઇટલ કેપીટલ લેટરમાં જ ટાઈપ કરવું તેમજ જો કોઈ શબ્દ સ્મોલ લેટર કે ઈટાલીક કરવાની જરૂર હોય તો તે જ શબ્દ સ્મોલ કે ઈટાલીક કરવા વિનંતી તેમજ ટાઇટલ ઈન્વર્ટેડ કોમામાં ટાઈપ ન કરવું.)** તથા થીસીસ સબમિટ કરવાની સંભવિત તારીખ સિલેક્ટ કરવાની રહેશે.


• ત્યારબાદ સદર વિદ્યાર્થીની થીસીસ ઇવેલ્યુએશન કરવા માટે જે એક્ષપર્ટને મોકલવી છે તે સિલેક્ટ ફેકલ્ટીમાં ક્લીક કરવાથી એક્ષપર્ટ ફેકલ્ટીના લીસ્ટમાંથી સીલેકટ કરવાના રહેશે. **(માસ્ટર માટે ઓછામાં ઓછા ત્રણ એક્ષપર્ટ (બે ગુજરાત તથા એક રાજ્ય બહારના) તથા ડોક્ટરેટ માટે ઓછામાં ઓછા પાંચ એક્ષપર્ટ (ત્રણ ગુજરાત તથા બે રાજ્ય બહારના) એડ કરવા).** ત્યારબાદ સબમિટ બટન પર ક્લીક કરવાથી થીસીસ પ્રપોઝલ સબમિટ થઈ જશે. અને પ્રીન્ટ બટન પર ક્લીક કરવાથી થીસીસ પ્રપોઝલની પ્રિન્ટ કાઢી શકાશે. જે મેજર ગાઈડશ્રી દ્વારા સહી કરી પ્રિન્સિપાલ અને ડીનશ્રીને એક કોપીમાં મોકલવાની રહેશે. જે પ્રિન્સિપાલશ્રી દ્વારા નિભાવવામાં આવતી વિદ્યાર્થીની ફાઇલમાં રાખવાની રહેશે.

• વિભાગીય વડાશ્રીએ મેજર ગાઈડશ્રી દ્વારા અપલોડ થયેલ **જે-તે વિદ્યાર્થીની થીસીસ પ્રપોઝલ વ્યવસ્થિત કરેલ છે કે કેમ?** તેની ચકાસણી કરી પ્રિન્સિપાલ અને ડીનશ્રીની એપ્રુવલ માટે મોકલશે. જે પ્રિન્સિપાલ અને ડીનશ્રી ચકાસણી કરી રજિસ્ટ્રાર મારફત ડીન પી.જી.શ્રીની એપ્રુવલ માટે મોકલશે.


• વિભાગીય વડાશ્રી તેમજ પ્રિન્સિપાલશ્રીએ સૌ-પ્રથમ લોગઇન કરી ડેસબોર્ડ ડીન પીજી પર ક્લીક કરવાથી નીચે મુજબની સ્ક્રીન ઓપન થશે.




• વિભાગીય વડાશ્રી તેમજ પ્રિન્સિપાલશ્રીને જે-તે વિભાગમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓનું તમામ વિદ્યાર્થીઓના થીસીસ પ્રપોઝલ તેઓના મેજર ગાઈડ દ્વારા કરેલ હશે તો થીસીસ પ્રપોઝલ ફોર્મના કોર્નર ઉપર રેડ કલરમાં આવેલ થીસીસ પ્રપોઝલની સંખ્યાનું નોટિફિકેશન બતાવશે. તેના ઉપર ક્લીક કરવાથી નીચે મુજબની સ્ક્રીન ઓપન થશે.



• જે-તે વિદ્યાર્થીના નામ સામે બતાવેલ વ્યુ બટન પર ક્લીક કરવાથી નીચે મુજબની સ્ક્રીન ઓપન થશે. તેમાં થીસીસ પ્રપોઝલ વ્યવસ્થિત કરેલ છે કે કેમ? તે બાબતનો જરૂરી રીમાર્કસ આપી રીવ્યુ એન્ડ ફોરવર્ડ ફોર ફર્ધર એક્શન પર ક્લીક કરી સબમિટ બટન પર ક્લીક કરી આગળ એપ્રુવલ માટે ફોરવર્ડ કરવાનું રહેશે.



• પ્રિન્સિપાલશ્રીએ ફોરવર્ડ કરેલ જે-તે વિદ્યાર્થીની થીસીસ પ્રપોઝલ કુલસચિવશ્રી મારફત ડીન પીજીશ્રી દ્વારા થીસીસ ઇવેલ્યુએશન માટે એક્ષપર્ટની નિમણુંક કરશે અને ત્યારબાદ કુલસચિવશ્રી થીસીસ ઇવેલ્યુએશન માટેનો ઓર્ડર કરશે. ઓર્ડર મળ્યા બાદ આચાર્ય/ડીનશ્રી દ્વારા જે-તે વિદ્યાર્થીની થીસીસ ચેક કરવા માટે ઓર્ડરમાં દર્શાવેલ એક્ષપર્ટને મોકલવાની રહેશે.

**વિશેષ નોંધ :**

**સદર પરિપત્ર થયા પહેલા જે વિદ્યાર્થીઓની થીસીસ પ્રપોઝલ અત્રેની કચેરીને મોકલી આપવામાં આવેલ છે તેવા વિદ્યાર્થીઓના મેજર ગાઈડશ્રીઓએ જે-તે વિદ્યાર્થીની થીસીસ પ્રપોઝલ પણ ઓનલાઈન કરવાની રહેશે.**

---

સદર બાબતે કોઈ તાંત્રિક પ્રશ્ન ઉપસ્થિત થાય તો અત્રેની કચેરી હસ્તકની પરીક્ષા શાખાનો સંપર્ક કરવો.

**કુલસચિવ**

**<u>નકલ સવિનય રવાના:</u>**

સંશોધન નિયામક અને અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ જાણ તથા યોગ્ય ઘટતું થવા સારૂ.

**<u>નકલ જયભારત સાથ રવાના જાણ તેમજ અમલ થવા સારૂ:</u>**

૧. આચાર્ય અને ડીનશ્રી, બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ

૨. આચાર્ય અને ડીનશ્રી, કૃષિ ઈજનેરી અને ટેક્નોલોજી મહાવિદ્યાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી, ગોધરા

૩. આચાર્ય અને ડીનશ્રી, કોલેજ ઓફ ફૂડ પ્રોસેસિંગ ટેકનોલોજી એન્ડ બાયો-એનર્જી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ

૪. આચાર્ય અને ડીનશ્રી, ઇન્ટરનેશનલ એગ્રી-બિશનેશ મેનેજમેંટ ઇન્સ્ટીટ્યુટ, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ

૫. નિયામકશ્રી, આઇ.ટી. સેલ તરફ પરિપત્ર વેબસાઇટ પર મૂકવા તેમજ દરેક આચાર્ય/ આચાર્ય અને ડીનશ્રી, દરેક શિક્ષકગણને ઈ-મેઈલથી જાણ કરવા સારૂ.